અપીલ અધિકારી અને
લો ઓફિસર
કાયદા ખાતું
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા કચેરી,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.
FAX : 91-0261 2451935
ટેલીફોનઃ૨૪૨૩૭૫૧–૫૬/૨૪૨ ૨૨૮૫–૮૭

**પ્રથમ અપીલ અરજી નં.૨૦૨૧૩૦૦૦૨૨૪, તા.૦૫–૦૬–૨૧**

અરજદાર : શ્રી ચંદ્રેશ જગદીશભાઈ પીપળીયા (એડવોકેટ)
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી (કાયદાખાતુ)

**અરજીની હકીકત :–**

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદાર શ્રી ચંદ્રેશ જગદીશભાઈ પીપળીયાની આઈ.ડી.નં. ૨૪, તા.૧૨/૦૪/૨૦૨૧ નાં સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– અરજદારશ્રીની તા.૦૫/૦૬/૨૦૨૧ ની અપીલ, જેનો અત્રેના વિભાગનો અપીલ નં. ૨૦૨૧૩૦૦૦૨૨૪, ૨૦૨૧–૨૨

અરજદારશ્રી શ્રી ચંદ્રેશ જગદીશભાઈ પીપળીયા (એડવોકેટ) દ્વારા આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી માંગવાની અરજી તા. ૧૨/૦૪/૨૦૨૧ થી માહિતી અધિકારીશ્રી, મ્યુ. કમિશ્નર સાહેબશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને કરવામાં આવેલ જેનો આઈ.ડી.નં. ૨૪ છે.જે અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) સુ.મ.પા. દ્વારા જાહેર માહિતી અધિકારી અને આસી. સેક્રેટરીશ્રી (સેક્રેટરી વિભાગ)ને મુદ્દા નં. ૧,૩ અને ૪ માટે તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફાયર ઓફિસરશ્રી (ફાયર વિભાગ)ને મુદ્દા નં. ૨ માટે તા.૧૫/૦૪/૨૦૨૧ થી અંશતઃ તબદીલ કરવામાં આવેલ. તથા જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ વતી સેક્રેટરી ઓફિસ સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી (કાયદાવિભાગ)ને મુદ્દા નં. ૧,૩ અને ૪ માટે તા. ૨૬/૦૪/૨૦૨૧ ના રોજ આંશિક તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના કાયદાવિભાગમાં ઈન. નં.લો–૧૦૭, તા. ૨૭/૦૪/૨૦૨૧ થી મળેલ છે. અરજદારશ્રી દ્વારા તા. ૦૫/૦૬/૨૦૨૧ થી અપીલ અધિકારીશ્રી, મ્યુ. કમિ. સાહેબશ્રી, સુ.મ.પા., સુરતને સંબોધીને પ્રથમ અપીલ " જાહેર માહિતી અધિકારીને અરજી કર્યાના ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી." ના કારણોસર કરવામાં આવેલ. જે અપીલ, અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિ. શ્રી (મધ્યસ્થ કચેરી) સુ.મ.પા. દ્વારા અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રી (સેક્રેટરી વિભાગ) તથા અપીલ અધિકારી અને ઈ.ચા. ચીફ ફાયર ઓફિસરશ્રી (ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ) ને તા. ૦૭/૦૬/૨૦૨૧ થી તબદીલ કરવામાં આવેલ. તથા પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ. સેક્રેટરીશ્રી, સુ.મ.પા. દ્વારા પ્રથમ અપીલ અધિકારી અને લો ઓફિસરશ્રી (કાયદાવિભાગ)ને તા. ૧૦/૦૬/૨૦૨૧ થી આંશિક તબદીલ કરવામાં આવેલ જે અત્રેના કાયદાવિભાગને ઈન.નં.લો ૨૭૨, તા. ૧૦/૦૬/૨૦૨૧ થી મળેલ છે. જે અપીલ અરજી નં.૨૦૨૧૩૦૦૦૨૨૪/૨૦૨૧–૨૨ થી અપીલ રજીસ્ટરમાં નોંધાયેલ છે.

## <u>અપીલ તબકકે અરજદારની રજૂઆત</u>

અરજદારશ્રી શ્રી ચંદ્રેશ જગદીશભાઈ પીપળીયા (એડવોકેટ) ને અપીલના કામે માંગવામાં આવેલ માહિતીની વિષય વસ્તુની સ્પષ્ટતા/રજુઆત અર્થે તા. ૨૯/૦૬/૨૦૨૧ ના રોજ હાજર રહેવા જણાવેલ. જેમાં અરજદારશ્રી દ્વારા મુદ્દા નં. ૧,૩ અને ૪ની માહિતી મળેલ નથી ની રજુઆત કરવામાં આવેલ છે. તથા વધુમાં અરજદારશ્રી ને બી.પી.એમ.સી એકટની બુકના પેજની નકલોની જરૂર નથી એ મુજબની રજુઆત જણાવેલ.

## <u>અપીલ તબકકે જાહેર માહિતી અધિકારીની રજુઆત</u>

જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી કાયદાવિભાગ દ્વારા અરજદારની અરજીના મુદ્દા નં. ૧,૩ અને ૪ અન્વયે તા. ૨૫/૦૬/૨૦૨૧ ના રોજ માહિતી મોકલાવેલ હતી. પરંતુ એમને (અરજદારશ્રી) મળેલ નથી. જેથી આજરોજ અરજદારશ્રીને રૂબરૂમાં માહિતી આપવામાં આવેલ છે એ મુજબની રજુઆત કરવામાં આવેલ છે.

## <u>અત્રેના ખાતા દ્વારા કરવામાં આવેલ પૂર્તતા</u>

અરજદારશ્રી દ્વારા " જાહેર માહિતી અધિકારીને અરજી કર્યાના ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી." એ કારણોસર હાલની અપીલ દાખલ કરવામાં આવેલ છે. સદર અપીલ અત્રેના વિભાગને પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ. સેક્રેટરીશ્રી, સુ.મ.પા. દ્વારા તબદીલ કરવામાં આવેલ છે. જે અપીલના કામે અરજદારશ્રીને તા. ૨૯/૦૬/૨૦૨૧ ના રોજ માહિતી સંબંધિત રજુઆત / સ્પષ્ટતા અર્થે બોલાવેલ. જેમાં અરજદારશ્રી દ્વારા તેમને મુદ્દા નં. ૧,૩ અને ૪ની માહિતી / જવાબ મળેલ નથી ની રજુઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી કાયદાવિભાગ દ્વારા અરજદારની મૂળ અરજીના મુદ્દા નં. ૧,૩ અને ૪ સંબંધે કાયદાખાતુ/આર.ટી.આઈ/આ. નં ૧૦૭, તા. ૨૫/૦૫/૨૦૨૧ થી જવાબ પાઠવેલ છે. જે જવાબ કોઈક કારણોસર અરજદારશ્રીને મળેલ ન હોય, સુનાવણી સમયે અરજદારશ્રીને તા. ૨૫/૦૫/૨૦૨૧ ના રોજ પાઠવેલ જવાબની નકલ રૂબરૂમાં આપવામાં આવેલ. જે અરજદારશ્રી દ્વારા સ્વીકારવામાં આવેલ છે તથા અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતીનાં મુદ્દા નં.૧,૩ અને ૪ ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટની કલમોની જોગવાઈની માંગણી કરવામાં આવેલ છે. જે અન્વયે અરજદારશ્રી ધ્વારા તેમની રજુઆતમાં ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટની કલમો સંબંધે બુકના પેજની નકલોની જરૂર નથી. એ મુજબની રજુઆત કરવામાં આવેલ છે તથા જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી, કાયદા ખાતા ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ તા.૨૫/૦૫/૨૦૨૧ નાં પત્ર મુજબ માહિતી અરજીનાં મુદ્દા નં.૧,૩ અને ૪ ની માહિતી કાયદા ખાતાના સંગ્રહિત રેકર્ડની ચકાસણી કરી રેકર્ડ પર સંગ્રહિત માહિતી નીલ હોવાનું જણાવેલ છે તથા અરજદારશ્રીને અરજી હકીકતે આનુષાંગિક માહિતી જરૂર જણાયે સંબંધિત અન્ય ખાતા / વિભાગ પાસેથી મેળવવાની સમજ આપવામાં આવેલ છે. જે તમામ બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે પ્રથમ અપીલ અરજી " જાહેર માહિતી અધિકારીને અરજી કર્યાના દિન–૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી " નાં કારણોસર દાખલ કરવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી ધ્વારા અરજદારશ્રીને જવાબ / નિર્ણય મળેલ ન હોય અપીલની રૂબરૂ સુનાવણી તા.૨૯/૦૬/૨૦૨૧ નાં રોજ અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારીનાં નિર્ણયની નકલ આપવામાં આવેલ છે. જે અરજદારશ્રી ધ્વારા રૂબરૂ સ્વીકારવામાં આવેલ છે તથા અરજદારશ્રીની અરજીનાં મુદ્દા નં.૧,૩ અને ૪ ની માહિતી ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટની કલમોની જોગવાઈની માંગણી કરવામાં આવેલ છે તથા અરજદારશ્રી ધ્વારા ધી ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટની બુકનાં પેઈજની નકલની જરૂર ન હોવાનું જણાવેલ છે. મુદ્દા નં.૧,૩ અને ૪ અન્વયે અત્રેના વિભાગની રેકર્ડ આધારીત સંગ્રહિત માહિતી નીલ હોવાનું જાહેર માહિતી અધિકારી ધ્વારા જણાવેલ છે. જે મુજબનો નિર્ણય અરજદારશ્રીને રૂબરૂમાં પાઠવવામાં આવેલ છે તથા માહિતી મેળવવાની અરજી સંબંધે રેકર્ડ ઉપલબ્ધ હોય એવી માહિતી આપવાની જોગવાઈ હોય, જે ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી ધ્વારા આપવામાં આવેલ માહિતી / નિર્ણય યોગ્ય અને નિયમોનુસારનો જણાતો હોય આ અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનું રહેતું ન હોય, તે દફતરે કરી નિકાલ કરવામાં ાઆવે છે.

વધુમાં, અરજદારશ્રીએ માંગેલ માહિતી બાબતે કોઈ નારાજગી હોય તો તેઓ ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(મિત્તુલ એ. પંડયા)
લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આ.લો/
તા. –૦૭–૨૦૨૧

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસર (કાયદા ખાતુ) પ્રતિ,..જાણ માટે.

(૨) અરજદાર શ્રી ચંદ્રેશ જગદીશભાઈ પિપળીયા (એડવોકેટ), ૧૫૨, શિવદર્શન સોસાયટી, કંતારેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં, કતારગામ, સુરત. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

અપીલ અધિકારી અને
લો ઓફિસર
કાયદા ખાતું
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા કચેરી,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ००૩.
FAX : 91-0261 2451935
ટેલીફોનઃ૨૪૨૩૭૫૧–૫૬/૨૪૨ ૨૨૮૫–૮૭

**પ્રથમ અપીલ અરજી નં.૨૦૨૧૩૦૦૦૫૬૬, તા.૨૯–૦૯–૨૧**

અરજદાર : શ્રી તલ્હા ચાંદીવાલા
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી (કાયદાખાતુ)

**અરજીની હકીકત :–**

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલાની આઈ.ડી.નં.૧૩૭૧, તા.૨૫/૦૮/૨૦૨૧ નાં સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– અરજદારશ્રીની તા.૨૯/૦૯/૨૦૨૧ ની અપીલ, જેનો અત્રેના વિભાગનો અપીલ નં. ૨૦૨૧૩૦૦૦૫૬૬, ૨૦૨૧–૨૨

અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલા દ્વારા આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી માંગવાની અરજી તા.૨૫/૦૮/૨૦૨૧ થી માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી, કાયદા ખાતુ (મુખ્ય), સુરત મહાનગરપાલિકાને સંબોધીને કરવામાં આવેલ જેનો આઈ.ડી.નં. ૧૩૭૧ છે. જે અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.શ્રી (નાગરીક સુવિધા કેન્દ્ર), મુગલીસરા દ્વારા અત્રેનાં કાયદા વિભાગને તા.૨૬/૦૮/૨૦૨૧ થી તબદીલ કરવામાં આવેલ. જે અત્રેનાં કાયદા વિભાગને ઈનવર્ડ લો.નં.૬૮૦, તા.૨૬/૦૮/૨૦૨૧ થી મળેલ છે. અરજદાર ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત પ્રથમ અપીલ તા.૨૯/૦૯/૨૦૨૧ થી પ્રથમ અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને સંબોધીને " અરજી સંબંધે માહિતી પુરી ન પાડી પોતાના વિભાગની અતિ મહત્વની માહિતી છુપાવી તેઓએ ભ્રષ્ટાચાર આચરેલ હોય તેવુ જણાય છે. તેથી બદશયપૂર્વક માહિતી છુપાવેલ છે. અમોને માત્ર હેરાન કરવાના કારણોસર માહિતી આપેલ નથી. નિયત સમયમર્યાદામાં કે બાદમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ માહિતી કે પ્રતિભાવ પાઠવવામાં ન આવતા નિયમો અનુસાર વિનામૂલ્યે માહિતીની નકલો મેળવવા અપીલ કરેલ છે. " જે અપીલ, અપીલ અધિકારી કાર્યપાલક ઈજનેર, સેન્ટ્રલ ઝોન (૨) ઓડિટ વિભાગ (૩) ટાઉન પ્લાનીંગ ખાતુ (૪) આસી.મ્યુ.કમિશનર, સેન્ટ્રલ ઝોન (૫) કાયદા ખાતુ (૬) શહેર વિકાસ ખાતુ (૭) રેકર્ડ ખાતુ (૮) પ્રિન્ટીંગ પ્રેસ (૯) સેક્રેટરી (૧૦) મધ્યસ્થ મહેકમ (૧૧) ચીફ એકાઉન્ટન્ટ ને તા.૨૯/૦૯/૨૦૨૧ થી કરવામાં આવેલ છે તથા જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.શ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર, સુ.મ.પા. ધ્વારા પ્રથમ અપીલ અધિકારી અને લો ઓફિસરશ્રી (કાયદા વિભાગ) ને તા.૨૯/૦૯/૨૦૨૧ નાં રોજ તબદીલ કરવામાં આવેલ. જે અત્રેનાં કાયદા વિભાગને ઈનવર્ડ લો.નં.૮૬૨, તા.૦૧/૧૦/૨૦૨૧ થી મળેલ છે. જે અપીલ અરજી નં.૨૦૨૧૩૦૦૦૫૬૬, ૨૦૨૧–૨૨ થી અપીલ રજીસ્ટરમાં નોંધાયેલ છે.

## અપીલ તબકકે અરજદારની રજૂઆત

અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલાને અપીલના કામે માંગવામાં આવેલ માહિતીની વિષય વસ્તુની સ્પષ્ટતા/રજુઆત અર્થે તા.૧૪/૧૦/૨૦૨૧ ના રોજ હાજર રહેવા જણાવેલ. જેમાં અરજદાર શ્રી દ્વારા મુદ્દા નં. ૧ થી ૧૬ અન્વયે માંગવામાં આવેલ માહિતી મળેલ નથી. જે કાયદા અંતર્ગત અપીલ અધિકારી અમો અરજદારને સલાહ–સુચન આપવા વિનંતી. એ મુજબની રજુઆત જણાવેલ.

## અપીલ તબકકે જાહેર માહિતી અધિકારીની રજુઆત

જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી કાયદાવિભાગ દ્વારા અરજદાર દ્વારા કરવામાં આવેલ રજુઆત સંદર્ભે અત્રેનાં વિભાગમાં કોઈ રેકર્ડ આધારીત માહિતી ઉપલબ્ધ ન હોવાથી અત્રેથી જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી નીલ આપવામાં આવેલ છે. એ મુજબની રજુઆત કરવામાં આવેલ છે.

## અત્રેના ખાતા દ્વારા કરવામાં આવેલ પૂર્તતા

અરજદારશ્રી દ્વારા " અરજી સંબંધે માહિતી પુરી ન પાડી પોતાના વિભાગની અતિ મહત્વની માહિતી છુપાવી તેઓએ ભ્રષ્ટાચાર આચરેલ હોય તેવુ જણાય છે. તેથી બદશયપૂર્વક માહિતી છુપાવેલ છે. અમોને માત્ર હેરાન કરવાના કારણોસર માહિતી આપેલ નથી. નિયત સમયમર્યાદામાં કે બાદમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ માહિતી કે પ્રતિભાવ પાઠવવામાં ન આવતા નિયમો અનુસાર વિનામૂલ્યે માહિતીની નકલો મેળવવા અપીલ કરેલ છે. " એ મુજબનું અપીલ દાખલ કરવાનું કારણ જણાવી હાલની આ પ્રથમ અપીલ દાખલ કરેલ છે. જે અપીલ જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી. અને મેનેજર, નાગરીક સુવિધા કેન્દ્ર, સે.ઝોન ધ્વારા અત્રેનાં કાયદા વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેનાં વિભાગને ઈનવર્ડ લો.નં.૮૬૨, તા.૦૧/૧૦/૨૦૨૧ થી મળેલ છે. અરજદારની રજુ કરેલ અપીલ અરજીની હકીકત ધ્યાને લેતાં, સદર અપીલ કુલ–૧૩ જાહેર માહિતી અધિકારીશ્રીઓ વિરુધ્ધ સંયુકત રીતે દાખલ કરાવેલ હોય અત્રેનાં કાયદા વિભાગની લાગત માહિતી સંબંધે જરૂરી સ્પષ્ટતા / અરજદારની રજુઆત અર્થે તા.૧૪/૧૦/૨૦૨૧ નાં રોજ બોલાવવામાં આવેલ. જેમાં અરજદાર રૂબરૂ હાજર રહી મૂળ અરજીનાં મુદ્દા નં. ૧ થી ૧૬ અન્વયે માંગવામાં આવેલ માહિતી મળેલ નથી. જે કાયદા અંતર્ગત અપીલ અધિકારીએ અમો અરજદારને સલાહ–સુચન આપવા બાબતેની રજુઆત કરવામાં આવેલ છે તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા અત્રેનાં વિભાગમાં કોઈ રેકર્ડ આધારીત માહિતી ઉપલબ્ધ ન હોવાની વિગતો જણાવેલ છે. અરજદારની માહિતી મેળવવાની મૂળ અરજીનાં મુદ્દા નં. ૧ થી ૧૬ માં મુખ્યત્વે સુરત મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોન, શહેરી વિકાસ વિભાગની બાંધકામની કામગીરી સંબંધે હોવાનું જણાય છે. જે માંગણી સંબંધે જુદા–જુદા જાહેર માહિતી અધિકારીઓને અરજી તબદીલ થયેલ છે. જે માંગણી સંબંધે જુદા–જુદા જાહેર માહિતી અધિકારીઓને અરજી તબદીલ થયેલ છે તથા મુદ્દા નં. ૧૩ થી મુદ્દા નં. ૧ થી ૭ જણાવેલ કામગીરી સંબંધે કાયદા ખાતા ધ્વારા જાહેરનામું, વર્કઓર્ડર, પરીપત્ર કે અભિપ્રાય જાહેર કરવામાં આવેલ હોય, જે બાબતે અત્રેનાં કાયદા વિભાગને આંશિક લાગુ પડતું હોવાનું જણાય છે તથા સદર અરજદારની અરજી હકીકત સેન્ટ્રલ ઝોનનાં શહેરી વિકાસની કામગીરી સંબંધે જરૂરી જાહેરનામા / અભિપ્રાયોની માંગણી કાયદા ખાતા પાસે કરાવવામાં આવેલ છે. જે અંગે સેન્ટ્રલ ઝોનમાં કાયદા ખાતુ હોય તથા અરજદાર ધ્વારા સેન્ટ્રલ ઝોનનાં કાયદા વિભાગને અરજી તબદીલ કરેલ હોય, જેથી અરજદારને સેન્ટ્રલ ઝોનનાં કાયદા વિભાગ પાસેથી જરૂરી માહિતી મેળવી શકાશે. એ મુજબની સમજ આપવામાં આવેલ છે તથા અત્રેનાં કાયદા વિભાગ ધ્વારા અરજદારની અરજી હકીકતે જણાવેલ સેન્ટ્રલ ઝોન, શહેર વિકાસ બાંધકામની કામગીરી સંબંધે કોઈ જાહેરનામું, પરીપત્ર કે અભિપ્રાય આપવામાં આવેલ નથી. એવા સંજોગોમાં અત્રેનાં વિભાગની માહિતી નીલ હોવાનું જણાય છે. જે તમામ બાબતો ધ્યાને લઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## ***હુકમ***

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે પ્રથમ અપીલ અરજી " અરજી સંબંધે માહિતી પુરી ન પાડી પોતાના વિભાગની અતિ મહત્વની માહિતી છુપાવી તેઓએ ભ્રષ્ટાચાર આચરેલ હોય તેવુ જણાય છે. તેથી બદશયપૂર્વક માહિતી છુપાવેલ છે. અમોને માત્ર હેરાન કરવાના કારણોસર માહિતી આપેલ નથી. નિયત સમયમર્યાદામાં કે બાદમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ માહિતી કે પ્રતિભાવ પાઠવવામાં ન આવતા નિયમો અનુસાર વિનામૂલ્યે માહિતીની નકલો મેળવવા અપીલ કરેલ છે. " નાં કારણોસર હાલની આ અપીલ દાખલ કરવામાં આવેલ છે. જે અપીલનાં કામે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી સાથે તા.૧૪/૧૦/૨૦૨૧ નાં

રોજ માંગેલ માહિતી સંબંધે જરૂરી સ્પષ્ટતા તથા રજુઆત સંબંધે જરૂરી સુનાવણી રાખવામાં આવેલ. સદર સુનાવણીનાં કામે અરજદારની રજુઆત " મુદ્દા નં. ૧ થી ૧૬ અન્વયે માંગવામાં આવેલ માહિતી મળેલ નથી. જે કાયદા અંતર્ગત અપીલ અધિકારી અમો અરજદારને સલાહ–સુચન આપવા રજુઆત કરેલ છે તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા અત્રેનાં વિભાગને અરજદારની અરજી વિગતે લાગત મુદ્દા સંબંધેની માહિતી નીલ હોવાનું જણાવેલ છે, તે ધ્યાને લેતાં અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતી સેન્ટ્રલ ઝોનનાં શહેરી વિકાસ વિભાગ તથા સેન્ટ્રલ ઝોનનાં કાયદા વિભાગને સ્પર્શતા હોય, સદર બાબતે લાગત અન્ય જાહેર માહિતી અધિકારીઓ પાસેથી માહિતી મેળવવા સમજ આપવામાં આવેલ છે તથા અરજદારની અરજી વિગતે સેન્ટ્રલ ઝોનનાં શહેર વિકાસ વિભાગનાં બાંધકામ સંબંધે અત્રેનાં કાયદા વિભાગ ધ્વારા કોઈ કાનુની અભિપ્રાય, વર્કઓર્ડર, જાહેરનામું કે પરીપત્ર બહાર પાડવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા તા.૨૧/૦૯/૨૦૨૧ નાં રોજ પાઠવવામાં આવેલ જવાબ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવેલ છે.

વધુમાં, અરજદારશ્રીએ માંગેલ માહિતી બાબતે કોઈ નારાજગી હોય તો તેઓ ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(મિત્તુલ એ. પંડયા)
લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આ.લો/
તા. –૧૦–૨૦૨૧

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસર (કાયદા ખાતુ) પ્રતિ,..જાણ માટે.
(૨) અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલા, ૧૨/૭૭૪, રાની તલાવ, મોટી મસ્જિદની બાજુમાં, સુરત. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

અપીલ અધિકારી અને
લો ઓફિસર
કાયદા ખાતું
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા કચેરી,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.
**FAX : 91-0261 2451935**
**ટેલીફોન:૨૪૨૩૭૫૧–૫૬/૨૪૨ ૨૨૮૫–૮૭**

**પ્રથમ અપીલ અરજી નં.૨૦૨૧૩૦૦૦૮૮૦, તા.૦૩–૦૨–૨૨**

અરજદાર : શ્રી તલ્હા ચાંદીવાલા
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી (કાયદાખાતુ)

**અરજીની હકીકત :–**

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલાની આઈ.ડી.નં.૨૩૯૯, તા.૩૧–૧૨–૨૦૨૧ નાં સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– અરજદારશ્રીની તા.૦૩–૦૨–૨૦૨૨ ની અપીલ, જેનો અત્રેના વિભાગનો અપીલ નં. ૨૦૨૧૩૦૦૦૮૮૦,૨૦૨૧–૨૨

અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલા દ્વારા આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી માંગવાની અરજી તા.૩૧–૧૨–૨૦૨૧ થી માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી, કાયદા ખાતુ (મુખ્ય), સુરત મહાનગરપાલિકાને સંબોધીને કરવામાં આવેલ જેનો આઈ.ડી.નં. ૨૩૯૯ છે. જે અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.શ્રી (નાગરીક સુવિધા કેન્દ્ર), મુગલીસરા દ્વારા અત્રેનાં કાયદા વિભાગને તા.૦૧–૦૧–૨૦૨૨ થી તબદીલ કરવામાં આવેલ. જે અત્રેનાં કાયદા વિભાગને ઈનવર્ડ લો.નં.૧૨૬૭, તા.૦૧–૦૧–૨૦૨૨ થી મળેલ છે. અરજદાર ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત પ્રથમ અપીલ તા.૦૨–૦૨–૨૦૨૨ થી પ્રથમ અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને સંબોધીને " અરજી સંબંધે માહિતી પુરી ન પાડી પોતાના વિભાગની અતિ મહત્વની માહિતી છુપાવી તેઓએ ભ્રષ્ટાચાર આચરેલ હોય તેવુ જણાય છે. તેથી બદશયપૂર્વક માહિતી છુપાવેલ છે. અમોને માત્ર હેરાન કરવાના કારણોસર માહિતી આપેલ નથી. નિયત સમયમર્યાદામાં કે બાદમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ માહિતી કે પ્રતિભાવ પાઠવવામાં ના આવતા નિયમો અનુસાર વિનામૂલ્યે માહિતીની નકલો મેળવવા અપીલ કરેલ છે " જે અપીલ, (૧) આસી.મ્યુ.કમિશનરશ્રી, સેન્ટ્રલ ઝોન, (૨) કાર્યપાલક ઈજનેર, સેન્ટ્રલ ઝોન (૩) લો ઓફિસરશ્રી, કાયદા ખાતુ ને તા.૦૩–૦૨–૨૦૨૨ થી કરવામાં આવેલ છે તથા જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.શ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર, સુ.મ.પા. ધ્વારા પ્રથમ અપીલ અધિકારી અને લો ઓફિસરશ્રી (કાયદા વિભાગ) ને તા.૦૩–૦૨–૨૦૨૨ નાં રોજ તબદીલ કરવામાં આવેલ. જે અત્રેનાં કાયદા વિભાગને ઈનવર્ડ લો.નં.૧૪૦૬, તા.૦૪–૦૨–૨૦૨૨ થી મળેલ છે. જે અપીલ અરજી નં.૨૦૨૧૩૦૦૦૮૮૦, ૨૦૨૧–૨૨ થી અપીલ રજીસ્ટરમાં નોંધાયેલ છે.

## અપીલ તબકકે અરજદારની રજૂઆત

અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલાને અપીલના કામે માંગવામાં આવેલ માહિતીની વિષય વસ્તુની સ્પષ્ટતા/રજુઆત અર્થે તા.૨૧–૦૨–૨૦૨૨ ના રોજ હાજર રહેવા જણાવેલ. જેમાં અરજદાર શ્રી દ્વારા મુદ્દા નં. ૪ અન્વયે માહિતી આપવી. એ મુજબની રજુઆત / માંગણી કરવામાં આવેલ છે.

## અપીલ તબકકે જાહેર માહિતી અધિકારીની રજુઆત

જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી કાયદાવિભાગ દ્વારા અરજદાર દ્વારા કરવામાં આવેલ રજુઆત સંદર્ભે મુદ્દા નં. ૪ અન્વયે અરજદાર ધ્વારા જે માહિતી માંગવામાં આવેલ છે. તે માહિતી અત્રેનાં વિભાગમાં રેકર્ડ સહિત માહિતી ઉપલબ્ધ નથી તથા મુદ્દા નં. ૪ ની હકીકત ધ્યાને લેતાં, અરજદાર ધ્વારા સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ મિલ્કતોનાં માલ–સામાન કાઢવા માટે સીલ ખોલવા સંબંધે માહિતીની માંગણી કરવામાં આવેલ છે.

જે માલ–સામાન કાઢવા સીલ ખોલવાની કામગીરી સેન્ટ્રલ ઝોન ધ્વારા કરવામાં આવતી હોય છે તથા સેન્ટ્રલ ઝોન ધ્વારા અરજદારની અરજીનાં મુદ્દા નં.૪ વિગતે માલ–સામાન કાઢવા માટે કયા કાયદા અને કઈ કલમ અંતગર્ત બાંહેધરી પત્ર લઈ સીલ ખોલવામાં આવે છે તે બાબતે સેન્ટ્રલ ઝોન ધ્વારા અત્રેનાં મધ્યસ્થ કાયદા વિભાગ પાસેથી કોઈપણ જાતનો કાનુની અભિપ્રાય કે માર્ગદર્શનની માંગણી કરવામાં આવેલ નથી. જેથી મુદ્દા નં. ૪ મુજબની માહિતી અત્રેનાં વિભાગ પર નીલ માહિતી છે તથા સીલ તોડવાની કાર્યવાહી કરનાર વિભાગને તથા સંકલન ઝોનનાં લો વિભાગને સદરહુ અરજી ટ્રાન્સફર કરવામાં આવેલ હોય સદર મુદ્દા સંબંધે ઝોનનાં લો વિભાગ તથા અન્ય સબંધિત વિભાગ ધ્વારા લાગત માહિતી ઉપલબ્ધ હોય એ મુજબ આપી શકાશે. જેથી નીલ માહિતી મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. એ મુજબની રજુઆત કરવામાં આવેલ છે.

<u>અત્રેના ખાતા દ્વારા કરવામાં આવેલ પૂર્તતા</u>

અરજદારશ્રી દ્વારા " અરજી સંબંધે માહિતી પુરી ન પાડી પોતાના વિભાગની અતિ મહત્વની માહિતી છુપાવી તેઓએ ભ્રષ્ટાચાર આચરેલ હોય તેવુ જણાય છે. તેથી બદશયપૂર્વક માહિતી છુપાવેલ છે. અમોને માત્ર હેરાન કરવાના કારણોસર માહિતી આપેલ નથી. નિયત સમયમર્યાદામાં કે બાદમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ માહિતી કે પ્રતિભાવ પાઠવવામાં ન આવતા નિયમો અનુસાર વિનામૂલ્યે માહિતીની નકલો મેળવવા અપીલ કરેલ છે. " એ મુજબનું અપીલ દાખલ કરવાનું કારણ જણાવી હાલની આ પ્રથમ અપીલ દાખલ કરેલ છે. જે અપીલ જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી. અને મેનેજર, નાગરીક સુવિધા કેન્દ્ર, સે.ઝોન ધ્વારા અત્રેનાં કાયદા વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેનાં વિભાગને ઈનવર્ડ લો.નં.૧૪૦૬, તા.૦૪–૦૨–૨૦૨૨ થી મળેલ છે. અરજદારની રજુ કરેલ અપીલ અરજીની હકીકત ધ્યાને લેતાં, સદર અપીલ કુલ–૦૩ જાહેર માહિતી અધિકારીશ્રીઓ વિરુધ્ધ સંયુકત રીતે દાખલ કરાવેલ હોય અત્રેનાં કાયદા વિભાગની લાગત માહિતી સંબંધે જરૂરી સ્પષ્ટતા / અરજદારની રજુઆત અર્થે તા.૨૧–૦૨–૨૦૨૨ નાં રોજ બોલાવવામાં આવેલ. જેમાં અરજદાર રૂબરૂ હાજર રહી મૂળ અરજીનાં મુદ્દા નં. ૪ અન્વયે માંગવામાં આવેલ માહિતી આપવી. તે બાબતેની રજુઆત કરવામાં આવેલ છે તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા અત્રેનાં વિભાગમાં સેન્ટ્રલ ઝોનનાં લાગત વિભાગ ધ્વારા માલ–સામાન કાઢવા બાબતે સીલ ખોલવા અંગે કાનુની જોગવાઈઓ સબંધિત કોઈપણ પ્રકારે અત્રેનાં કાયદા વિભાગ પાસે કોઈ કાનુની અભિપ્રાય કે કાનુની માર્ગદર્શન અત્રેનાં વિભાગ પાસે માંગણી કરી નથી. જેથી અત્રેનાં વિભાગની માહિતી નીલ છે તથા સેન્ટ્રલ ઝોનનાં લાગત વિભાગે સદરહુ બાબતે સેન્ટ્રલ ઝોનનાં કાયદા વિભાગનું કાનુની માર્ગદર્શન / અભિપ્રાય માંગવામાં આવેલ હોય તો તેવા સંજોગોમાં હાલની માહિતીની અરજી સેન્ટ્રલ ઝોનનાં કાયદા વિભાગને તબદીલ થયેલ છે તથા સેન્ટ્રલ ઝોનનાં સીલ ખોલનાર લાગત વિભાગને પણ સદરહુ માહિતીની અરજી તબદીલ થયેલ છે. જેથી સદરહુ મુદ્દા સંબંધે ઉપરોકત વિભાગ ધ્વારા અરજદારને માહિતી આપવાની રહે છે. જેથી અત્રેનાં કાયદા વિભાગની રેકર્ડ આધારીત માહિતી નીલ હોવાની વિગતો જણાવેલ છે.

અરજદારની માહિતી મેળવવાની મૂળ અરજીનાં મુદ્દા નં. ૧ થી ૭ માં મુખ્યત્વે સુરત મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોન, શહેરી વિકાસ વિભાગની બાંધકામની કામગીરી સંબંધે હોવાનું જણાય છે. જે માંગણી સંબંધે જુદા–જુદા જાહેર માહિતી અધિકારીઓને અરજી તબદીલ થયેલ છે. જે માંગણી સંબંધે જુદા–જુદા જાહેર માહિતી અધિકારીઓને અરજી તબદીલ થયેલ છે તથા મુદ્દા નં. ૪ માં જણાવેલ કામગીરી સંબંધે કાયદા ખાતા ધ્વારા કોઈ કાનુની માર્ગદર્શન કે કાનુની અભિપ્રાય આપવામાં આવેલ હોય તો તે બાબતે અત્રેનાં કાયદા વિભાગને આંશિક લાગુ પડતું હોવાનું જણાય છે તથા સદર અરજદારની અરજી હકીકત સેન્ટ્રલ ઝોનનાં શહેરી વિકાસની કામગીરી સંબંધે જરૂરી જાહેરનામા / અભિપ્રાયોની માંગણી કાયદા ખાતા પાસે કરાવવામાં આવેલ છે. જે અંગે સેન્ટ્રલ ઝોનમાં કાયદા ખાતુ હોય તથા અરજદાર ધ્વારા સેન્ટ્રલ ઝોનનાં કાયદા વિભાગને અરજી તબદીલ કરેલ હોય, જેથી અરજદારને સેન્ટ્રલ ઝોનનાં કાયદા વિભાગ પાસેથી તથા સંબંધિત ઝોનનાં અન્ય લાગત વિભાગ પાસેથી જરૂરી માહિતી મેળવી શકાશે.

એ મુજબની સમજ આપવામાં આવેલ છે તથા અત્રેનાં કાયદા વિભાગ ધ્વારા અરજદારની અરજી હકીકતે જણાવેલ સેન્ટ્રલ ઝોન, શહેર વિકાસ બાંધકામની કામગીરી સંબંધે કોઈ જાહેરનામું, પરીપત્ર કે કાનુની અભિપ્રાય કે કાનુની માર્ગદર્શન આપવામાં આવેલ નથી. એવા સંજોગોમાં અત્રેનાં વિભાગની માહિતી નીલ હોવાનું જણાય છે. જે તમામ બાબતો ધ્યાને લઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે પ્રથમ અપીલ અરજી " અરજી સંબંધે માહિતી પુરી ન પાડી પોતાના વિભાગની અતિ મહત્વની માહિતી છુપાવી તેઓએ ભ્રષ્ટાચાર આચરેલ હોય તેવુ જણાય છે. તેથી બદશયપૂર્વક માહિતી છુપાવેલ છે. અમોને માત્ર હેરાન કરવાના કારણોસર માહિતી આપેલ નથી. નિયત સમયમર્યાદામાં કે બાદમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ માહિતી કે પ્રતિભાવ પાઠવવામાં ન આવતા નિયમો અનુસાર વિનામૂલ્યે માહિતીની નકલો મેળવવા અપીલ કરેલ છે. " નાં કારણોસર હાલની આ અપીલ દાખલ કરવામાં આવેલ છે. જે અપીલનાં કામે અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી સાથે તા.૨૧–૦૨–૨૦૨૨ નાં રોજ માંગેલ માહિતી સંબંધે જરૂરી સ્પષ્ટતા તથા રજુઆત સંબંધે જરૂરી સુનાવણી રાખવામાં આવેલ. સદર સુનાવણીનાં કામે અરજદારની રજુઆત " મુદ્દા નં. ૪ અન્વયે માંગવામાં આવેલ માહિતી આપવી. એ મુજબની રજુઆત કરેલ છે તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા અત્રેનાં વિભાગને અરજદારની અરજી વિગતે લાગત મુદ્દા સંબંધેની માહિતી ઉપરોકત રજુ કરેલ વિગતે નીલ હોવાનું જણાવેલ છે, તે ધ્યાને લેતાં અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતી સેન્ટ્રલ ઝોનનાં શહેરી વિકાસ વિભાગ તથા સેન્ટ્રલ ઝોનનાં કાયદા વિભાગને સ્પર્શતા હોય, સદર બાબતે લાગત અન્ય જાહેર માહિતી અધિકારીઓ પાસેથી માહિતી મેળવવા સમજ આપવામાં આવેલ છે તથા અરજદારની અરજી વિગતે સેન્ટ્રલ ઝોનનાં શહેર વિકાસ વિભાગનાં બાંધકામ સંબંધે અત્રેનાં કાયદા વિભાગ ધ્વારા કોઈ કાનુની અભિપ્રાય, વર્કઓર્ડર, જાહેરનામું કે પરીપત્ર બહાર પાડવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા તા.૨૫–૦૧–૨૦૨૨ નાં રોજ પાઠવવામાં આવેલ જવાબ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, અરજદારશ્રીએ માંગેલ માહિતી બાબતે કોઈ નારાજગી હોય તો તેઓ ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(મિત્તુલ એ. પંડયા)
લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આ.લો/
તા. –૦૨–૨૦૨૨

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસર (કાયદા ખાતુ) પ્રતિ,..જાણ માટે.
(૨) અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલા, ૧૨/૭૭૪, રાની તલાવ, મોટી મસ્જિદની બાજુમાં, સુરત. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

અપીલ અધિકારી અને
લો ઓફિસર
કાયદા ખાતું
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા કચેરી,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.
FAX : 91-0261 2451935
ટેલીફોન:૨૪૨૩૭૫૧–૫૬/૨૪૨ ૨૨૮૫–૮૭

**પ્રથમ અપીલ અરજી નં.૨૦૨૧૩૦૦૦૯૮૮, તા.૦૮–૦૩–૨૨**

અરજદાર : શ્રી નરેશભાઈ એન. બથવાર

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી (કાયદાખાતુ)

**અરજીની હકીકત :–**

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવારની આઈ.ડી.નં.૨૪૫૫, તા.૦૬–૦૧–૨૦૨૨ નાં સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ :– અરજદારશ્રીની તા.૦૮–૦૩–૨૦૨૨ ની અપીલ, જેનો અત્રેના વિભાગનો અપીલ નં. ૨૦૨૧૩૦૦૦૯૮૮.

અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવાર દ્વારા આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી માંગવાની અરજી તા.૦૬–૦૧–૨૦૨૨ થી માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી, કાયદા ખાતુ (મુખ્ય), સુરત મહાનગરપાલિકાને સંબોધીને કરવામાં આવેલ જેનો આઈ.ડી.નં. ૨૪૫૫ છે. જે અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.શ્રી (નાગરીક સુવિધા કેન્દ્ર), મુગલીસરા દ્વારા અત્રેનાં કાયદા વિભાગને તા.૦૭–૦૧–૨૦૨૨ થી તબદીલ કરવામાં આવેલ. જે અત્રેનાં કાયદા વિભાગને ઈનવર્ડ લો.નં.૧૨૮૮, તા.૦૭–૦૧–૨૦૨૨ થી મળેલ છે. અરજદાર ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત પ્રથમ અપીલ (૧) કાર્યપાલક ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન, (૨) ડે.કમિશનરશ્રી, મધ્યસ્થ મહેકમ (૩) લો ઓફિસરશ્રી, કાયદા ખાતુ ને તા.૦૮–૦૩–૨૦૨૨ થી કરવામાં આવેલ છે તથા જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.શ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર, સુ.મ.પા. ધ્વારા પ્રથમ અપીલ અધિકારી અને લો ઓફિસરશ્રી (કાયદા વિભાગ) ને તા.૧૦–૦૩–૨૦૨૨ નાં રોજ તબદીલ કરવામાં આવેલ. જે અત્રેનાં કાયદા વિભાગને ઈનવર્ડ લો.નં.૧૫૭૮, તા.૧૦–૦૩–૨૦૨૨ થી મળેલ છે. જે અપીલ અરજી નં.૨૦૨૧૩૦૦૦૯૮૮, ૨૦૨૧–૨૨ થી અપીલ રજીસ્ટરમાં નોંધાયેલ છે.

**<u>અપીલ તબકકે અરજદારની રજૂઆત</u>**

અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવારને અપીલના કામે માંગવામાં આવેલ માહિતીની વિષય વસ્તુની સ્પષ્ટતા/રજુઆત અર્થે તા.૨૨–૦૩–૨૦૨૨ તથા તા.૨૯–૦૩–૨૦૨૨ ના રોજ હાજર રહેવા જણાવેલ. પરંતુ તેમ છતાં તેઓ અપીલ બાબતે રજુઆત કરવા હાજર રહેલ નહિ.

**<u>અપીલ તબકકે જાહેર માહિતી અધિકારીની રજૂઆત</u>**

અરજદારશ્રી ધ્વારા માંગેલ માહિતી મિલ્કત નોંધ નં.૨૩૨૫, વોર્ડ નં. ૧૧, મિરઝાશાયી રોડ, વરીયાળી બજાર, સુરતની મિલ્કતનાં ગેરકાયદેસર બાંધકામ સંબંધેની હોય તથા તે સંબંધે સંબંધિત વિભાગે કરેલ કાર્યવાહીની માંગણી અરજીમાં કરેલાનું જણાય છે. જે અનુસંધાને લાગત વિભાગે અત્રેનાં કાયદા વિભાગ પાસે સદરહુ મિલ્કત બાબતે કોઈ કાનૂની અભિપ્રાય કે માર્ગદર્શન આપેલ હોય કે તે સંબંધે અત્રેનાં વિભાગ ધ્વારા કોઈ કાનૂની અભિપ્રાય કે કાનૂની માર્ગદર્શન અત્રેનાં વિભાગ ધ્વારા આપવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં લાભાર્થીને પાઠવેલ તા.૩૧–૦૧–૨૦૨૨ નો જવાબ યોગ્ય છે તથા અરજદારશ્રી ધ્વારા માંગેલી અન્ય માહિતી સબંધે અન્ય જાહેર માહિતી અધિકારીને અરજદારશ્રી ધ્વારા અરજી પાઠવવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતે અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવારને તા.૨૨–૦૩–૨૦૨૨ તથા તા.૨૯–૦૩–૨૦૨૨ નાં રોજ સ્પષ્ટતા / રજુઆત અર્થે અત્રે હાજર રહેલ નથી. પરંતુ અરજદારશ્રીની અપીલ અરજી અને માહિતીની મૂળ અરજીની વિગત ધ્યાને લેતાં, માહિતીની મૂળ અરજી અનુસંધાને જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા તા.૩૧–૦૧–૨૦૨૨ થી પાઠવેલ જવાબથી અસંતોષ જણાતા હાલનાં અરજદારે અપીલ દાખલ કરેલ છે. સદરહુ અપીલ (૧) કાર્યપાલક ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન, (૨) ડે.કમિશનરશ્રી, મધ્યસ્થ મહેકમ (૩) લો ઓફિસરશ્રી, કાયદા ખાતુને કરવામાં આવેલ છે. જે પૈકી અત્રેનાં વિભાગને લો ઓફિસરશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રીએ માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય તો અન્ય સત્તામંડળને તબદીલ ન કરી ગેરમાર્ગે દોરેલાનું કારણ જણાવી અપીલ દાખલ કરવામાં આવેલ છે. જે અપીલ હકીકત તથા માહિતીની અરજી હકીકત ધ્યાને લેતા અરજદારશ્રી ધ્વારા મિલ્કત નોંધ નં.૨૩૨૫, વોર્ડ નં. ૧૧, મિરઝાશાયી રોડ, વરીયાળી બજાર, સુરતની મિલ્કત બાબતે કરેલ કાર્યવાહી તથા પરીપત્રો, હુકમો, ઠરાવો વિગેરેની માહિતી માંગણી કરવામાં આવેલ છે તથા અરજદારશ્રી ધ્વારા સદર માહિતીની અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરશ્રી, શહેર વિકાસ વિભાગ, સેન્ટ્રલ ઝોન તથા જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ, મધ્યસ્થ કચેરીને પાઠવવામાં આવેલ છે તથા સદરહુ અરજીની હકીકત ધ્યાને લેતાં, આ મિલ્કત બાબતે અત્રેનાં કાયદા વિભાગ પાસેથી લાગત વિભાગ ધ્વારા કાનૂની અભિપ્રાય, કાનૂની માર્ગદર્શન મેળવેલ હોય તેની માહિતી અરજદારશ્રીને આપવા જોગ જણાય છે. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારીશ્રીની રજુઆત ધ્યાને લેતાં, ઉપરોકત મિલ્કત સંબંધે અત્રેની કચેરીએથી કોઈ કાનૂની અભિપ્રાય કે કાનૂની માર્ગદર્શન આપવામાં આવેલ ન હોય અરજદારશ્રીને તા.૩૧–૦૧–૨૦૨૨ થી માહિતી નીલ હોવાનો જવાબ પાઠવેલાનું જણાવે છે તથા અરજદારશ્રીની મૂળ અરજી તથા અપીલ અરજદારશ્રી ધ્વારા અન્ય સત્તા મંડળને પાઠવવામાં આવેલ છે. જે હકીકત ધ્યાને લેતાં, અરજદારશ્રીની અપીલ વિગતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોકત હકીકતે અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી બાબતે જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી ધ્વારા નં.કાયદા ખાતુ/આર.ટી.આઈ./આ.૮૬૫, તા.૩૧–૦૧–૨૦૨૨ થી કરવામાં આવેલ જવાબ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, અરજદારશ્રીએ માંગેલ માહિતી બાબતે કોઈ નારાજગી હોય તો તેઓ ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(મિત્તુલ એ. પંડયા)
લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આ.લો/
તા.   –૦૪–૨૦૨૨

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસર (કાયદા ખાતુ) પ્રતિ,..જાણ માટે.
(૨) અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવાર, ૧૨/૨૩૭૩, સૈયદપુરા માર્કેટ, કુંભારવાડા પાસે, સુરત–૩૯૫૦૦૩, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.